Publication: Gujarat Samachar| Edition: Ahmedabad
Date: June 04, 2023| Page No: 07|Food & Agriculture
Headline: Stock limit announced for urad and tuvr to keep prices in check

# ભાવને અંકૂશમાં રાખવા તુવેર તથા અડદ દાળ માટે સ્ટોકસ લિમિટ જાહેર


નવી દિલ્હી, તા. ૩

દેશમાં કઠોળની સંગ્રહખોરી તથા ભાવમાં કૃત્રિમ વધારો અટકાવવાના ભાગરૂપ સરકારે તુવેર તથા અડદ દાળ પર સ્ટોક મર્યાદા લાગુ કરી છે. આ મર્યાદા ૩૧મી ઓકટોબર ૨૦૨૩ સુધી લાગુ થશે એમ એક સરકારી યાદીમાં જણાવાયું હતું.

દેશમાં હોલસેલરો, રિટેલરો, મિલરો તથા રિટેલ ચેઈન ધરાવતા સ્ટોર્સ સહિત તુવેર તથા અડદની દાળના પૂરવઠા સાંકળના દરેક સંબંધિતો માટે સ્ટોક લિમિટ જાહેર કરવામાં આવી છે. દેશના દરેક રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ આદેશ લાગુ થશે.

આયાતકારોના સંદર્ભમાં તેઓ કસ્ટમ્સ ક્લિઅરન્સની તારીખથી ૩૦ દિવસથી વધુ આયાતી સ્ટોકસ જાળવી શકશે નહીં.

જે લોકો પાસે મર્યાદા કરતા વધુ સ્ટોકસ હશે તેમણે ઓર્ડર જારી થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મર્યાદાની અંદર સ્ટોકસ લાવી દેવાનો રહેશે એમ પણ યાદીમાં જણાવાયું છે.



છેલ્લા એક વર્ષમાં તુવેરના ભાવમાં સરેરાશ વીસ ટકા જ્યારે અડદની દાળમાં પાંચ ટકા જેટલો વધારો થયાનું બજારના વર્તુળોએ જણાવ્યું હતું.

અપેક્ષા કરતા નબળી આવક અને સારી માગને પરિણામે ભાવમાં વધારો જોવા મળ્યો છે. સરકારે માર્ચ ૨૦૨૪ સુધી આ બન્ને કોમોડિટીઝની શૂન્ય ડયૂટી આયાત છૂટ આપી છે.

**આયાતકારોના સંદર્ભમાં તેઓ કસ્ટમ્સ ક્લિઅરન્સની તારીખથી ૩૦ દિવસથી વધુ આયાતી સ્ટોકસ જાળવી શકશે નહીં**